# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/359 Dt. 09/03/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા એસ્ટેટ પ્લાનિંગના મહત્વ વિષે અવેરનેસ સેશન યોજાયું

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૮ માર્ચ ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે એસ્ટેટ પ્લાનિંગના મહત્વ વિષે અવેરનેસ સેશન યોજાયું હતું, જેમાં મુખ્ય વકતા તરીકે પેરાલિગલ કન્સલ્ટન્ટ અને એસ્ટેટ પ્લાનર શ્રી સુરેશ એ. દ્વારા વ્યવસાયિકોને એસ્ટેટ પ્લાનિંગના વિવિધ પાસાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

મુખ્ય વકતા તરીકે શ્રી સુરેશ એ. દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, એસ્ટેટ પ્લાનિંગ માત્ર ધનવાન લોકો માટે જ નહીં, પરંતુ દરેક વ્યક્તિ માટે મહત્વપૂર્ણ છે. વ્યક્તિ પોતાની સંપત્તિનું વિતરણ, પરિવારની આર્થિક સુરક્ષા અને ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને યોગ્ય નિર્ણય લઈ શકે છે. એસ્ટેટ પ્લાનિંગ એ એવી પ્રક્રિયા છે જેમાં વ્યક્તિ પોતાની સંપત્તિ, રોકાણ અને મિલકતનું સંચાલન અને વિતરણ ભવિષ્યને ધ્યાનમાં રાખીને યોગ્ય રીતે કરે છે. યોગ્ય એસ્ટેટ પ્લાનિંગ દ્વારા પરિવારજનો વચ્ચે થનારા વિવાદો ટાળી શકાય છે અને સંપત્તિ યોગ્ય વ્યક્તિઓ સુધી સરળતાથી અને કાયદેસર રીતે પહોંચે તે સુનિશ્ચિત કરી શકાય છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વસીયત, ટ્રસ્ટ, નોમિનેશન અને કાનૂની દસ્તાવેજો દ્વારા વ્યક્તિ પોતાના પરિવાર માટે આર્થિક સુરક્ષા ઉભી કરી શકે છે. ઘણા લોકો એસ્ટેટ પ્લાનિંગને અવગણે છે, જેના કારણે ભવિષ્યમાં વારસદારોને કાનૂની પ્રક્રિયાઓનો સામનો કરવો પડે છે. તેથી દરેક વ્યક્તિએ સમયસર યોગ્ય સલાહ લઈને એસ્ટેટ પ્લાનિંગ કરવું જોઈએ, જેથી પરિવારની સંપત્તિ સુરક્ષિત રહે અને આગામી પેઢી માટે સકારાત્મક વારસો સર્જી શકાય તેમ છે.

ચેમ્બરના ગૃપ ચેરમેન ડો. અનિલ સરાવગીએ સ્વાગત સંબોધન કરતા જણાવ્યું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સમયાંતરે આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો અને નાગરિકોને એસ્ટેટ પ્લાનિંગના મહત્વ વિશે જાગૃત કરવાનો હતો, જેથી તેઓ પોતાની સંપત્તિનું વ્યવસ્થાપન અને આગામી પેઢી માટેની સુરક્ષા અંગે યોગ્ય આયોજન કરી શકે.

શ્રીજી ફિનમાર્ટના ફાઉન્ડર અને સીઇઓ શ્રી અનુપમ જૈને મુખ્ય વકતાનો પરિચય કરાવ્યો હતો.

આ કાર્યક્રમમાં ચેમ્બરના પૂર્વ પ્રમુખ તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ વાઇસ ચાન્સેલર શ્રી પ્રેમકુમાર શારદા, ઉદ્યોગ સાહસિકો, વ્યાવસાયિકો અને સભ્યો  ઉપસ્થિત રહ્યા હતા.